# વાવોલ ગામમાં ઘરે ઘરે નર્મદાના નીર પહોંચશે

## લોકોમાં આનંદોઃ વધારે માત્રામાં ક્ષારવાળું પાણી પીવાથી થતા શારીરિક નુકસાનથી હવે લોકો બચી શકશે.




ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં ઘરે ઘરે હવે નર્મદાના નિર પહોંચવાની તૈયારીમાં છે. તેવા સમયે ગામના વસાહતીઓમાં અનેરા આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. વાવોલ ગામમાં અત્યાર સુધી ગામ અને સોસાયટીઓમાં બોરના પાણીની વ્યવસ્થા હતી. બોરનું પાણી અતિશય ક્ષારવાળું હોવાને કારણે ગ્રામજનોને પરેશાની રહેતી. હવે સરકારે જ્યારે નર્મદાના નીર ઘરે ઘરે પહોંચાડવાનું કામ હાથ ધર્યું છે, ત્યારે વાવોલ ગામમાં પણ ટૂંક સમયમાં નર્મદાના નીરનાં વધામણા થશે.

હાલમાં ઘણા વિસ્તારોમાં આ માટે પાઈપલાઈન નાખવાનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે અમુક વિસ્તારમાં ધમધોકાર કામ ચાલુ છે. માત્ર નર્મદાનું પાણી આવવાના એંધાણ થીજ લોકોમાં ખુશીની લાગણી છે, ત્યારે વસાહતીઓ લાગણી શબ્દોમાં વ્યક્ત કરતા સરકાર તથા નગરપાલિકાનો આભાર વ્યક્ત કરે છે. જેના થકી વધારે માત્રામાં ટીડીએસ વાળું પાણી પીવાથી થતા શારિરીક નુકસાનથી હવે લોકો બચી શકશે.વાવોલમાં વર્ષોથી રહેતા નિરંજન શાહ જેઓ ગુજરાતી સાહિત્યના જાણીતા લેખક પણ છે. તેમના જણાવ્યા પ્રમાણે પાણીમાં ટીડીએસ નું પ્રમાણ વધારે હતું. જેનાથી ઘણી તકલીફોનો સામનો કરવો પડતો. આ રજૂઆત ગામના લોકો દ્વારા ભેગા મળી સરકારને કરતા હવે વાવોલમાં નર્મદાના નીરના વધામણા થવા જઈ રહ્યા છે. તે માટે હૃદયથી ગામ લોકો વતી તેઓ સરકારનો આભાર વ્યક્ત કરતા કહે છે "સરકાર અમારી સમસ્યાને સમજી અને નિવારણ કર્યું એટલું જ નહીં પણ નર્મદાના આ પાણીને સંગ્રહ કરવા માટે નગરપાલિકા દ્વારા ગ્રાન્ટ ફાળવી ૦૨ લાખ ૩૦ હજાર લિટર પાણીના ક્ષમતા વાળા અંડર ગ્રાઉન્ડ વોટર પંપ નિર્માણનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું જે ખૂબ જ મહત્વની અને લોક ઉપયોગી બાબત છે. તે માટે સરકાર અને નગરપાલિકા બંનેના અમે આભારી છીએ"

વાવોલના અન્ય એક વસાહતી ભાઈ રમેશભાઈ ગામેતી નર્મદાના પાણી ઘર સુધી પહોંચવાની તૈયારી માટે ખુશી વ્યક્ત કરતા જણાવે છે કે, બોરના પાણીમાં ટીડીએસ ની માત્રા વધુ હોવાથી તે સ્વાસ્થ્ય માટે હાનિકારક હતું. સરકારને રજૂઆત કરતા તેમણે લોકોના સ્વાસ્થ્યની પરવા કરી અને નર્મદાના નીર ઘર આંગણે પહોંચાડવાની દરકાર કરી. અને સૌનો સાથ, સૌનો વિકાસ માટે પ્રતિબદ્ધ સરકારે,અસરકારક લોક કલ્યાણકારી યોજના થકી નર્મદાના નીર પહોંચાડવાનું જે પ્રશંસનીય કામ કર્યું, તે માટે દરેક લાભાર્થી વતી સરકારશ્રીનો આભાર વ્યક્ત કરે છે. વાવોલની મહિલાઓ પણ નર્મદાના પાણી આવસે એ વાતથી અત્યંત ખુશ છે. વાવોલની હરીનગર સોસાયટીના મનીષાબેન દવે તથા જાનકીબેન મોદી જણાવે છે કે, "ભાત કે ખીચડી બનાવવા હોય તો આ ક્ષાર વાળા પાણીને કારણે લાલ થઈ જાય છે, અને સ્વાદ પણ બગડે છે એટલે અમારે ઘરમાં આર.ઓ પ્લાન્ટ નંખાવવો જ પડે! હવે નર્મદાનું પાણી આવશે ત્યારે આ બધી ઝંઝટ માંથી મુક્તિ મળશે"વાવોલમાં ઘણા ખરા વિસ્તારમાં નર્મદાના પાણી પહોંચાડવા માટેની કામગીરી સંપૂર્ણ થઈ ચૂકી છે. અને બાકીની કામગીરી હાલમાં ખૂબજ ઝડપથી પૂરી થવાની તૈયારીમાં છે ત્યારે આ કામગીરીમાં સુપર વિઝન કરતા ગોપાલ ધોળકીયાએ જણાવેલ માહિતી મુજબ જ્યાં જ્યાં નર્મદાના પાણી માટે કામગીરી થતી જાય છે, ત્યાં ત્યાં લોકોમાં નર્મદાના પાણી આવવાને લઈ એક અલગ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓનું બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સેકટર ૨૩ની એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ(એમબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે કેમ્પસ પ્લેસમેન્ટ આપવામાં છેલ્લાં ઘણાં સમયથી સારું નામ ધરાવે છે. સંસ્થાએ તેના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે અગ્રણી કોર્પોરેટ કંપનીમાં કામ કરવાની તક પૂરી પાડીને સફળતા પ્રાપ્ત કરી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના પ્લેસમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પ્લેસમેન્ટ થવા પામ્યું છે. એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને બહુરાષ્ટ્રીય કંપનીઓ જેવી કે એશિયન પેઈન્ટ્સ, પીએન્ડજી, કેલોગ્ઝ (ખિમજી રામદાસ) પેપ્સિકો(વરૂણ બેવરેઝિસ), કોલગેટ પામોલીવ ( ઈન્ડિયા), ટોરેન્ટ પાવર, બર્જર પેઈનટ્સ (ઈન્ડિયા), ડેસિમલ પોઈન્ટ એનાલિટિક્સ, પેટીએમ, દિવ્યપોર્ટફોલિયો, ક્યુએક્સ ગ્લોબલ ગ્રુપ, એસ્ટ્રલ પાઈપ્સ, આઈ આર એમ એનર્જી, નેરોલેક, રિલાયન્સ, અદાણી, આઈડીએફસી બેંક, ફ્લિપકાર્ટ (યંત્ર), બંધન બેંક, એસએન્ડપી ગ્લોબલ, સીઝ ફાયર, આઈસીઆઈસીઆઈ બેંક, સિમ્ફોર્મ સોલ્યુશન્સ, બાયજુ, સ્પેક્ટ્રા ફ્યુઅલ, એયુ ફાઈનાન્સ બેંક લિમિટેડ, યસ બેંક, શાલ્બી હોસ્પિટલ્સ, હાઉસિંગ.કોમ, સ્વિગી, ઈન્ડસઈન્ડ બેંક, એચડીએફસી બેંક. એક્સિસ બેંક, ટોરેન્ટ ફાર્મા, એચએસજી હોસ્પિટલ, કોટક બેંક, આઈડીબીઆઈ બેંક, જસ્ટ ડાયલ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ, મનસુખ સિક્યા `રિટીઝ, સિન્ટેક્સ, વન એડવ ર્ટાઈઝમેન્ટ વગેરેમાં ઉચ્ચ સ્થાન અપાવી તેમની ઉજ્જવળ કારકિર્દીમાં મહત્વનો ભાગ ભજવે છે. આ સંસ્થાના અનેક વિદ્યાર્થીઓ આજે વિવિધ બહુરાષ્ટ્રીય કંપનીમાં ઉચ્ચ સ્થાને રહીને સંસ્થાનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યુ છે. મજબૂત ઉદ્યોગ અને શૈક્ષણિક જોડાણનું વિઝન ધરાવતા ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટના ડીન ડો. ભાવિન પંડયાના સક્ષમ નેતૃત્વ અને પ્લેસમ્મેટ ઈન્ચાર્જ ડો. કૃપા મહેતાના અથાગ અને અવિરત પ્રયાસો, તેમજ કટીબદ્ધ ફેકલ્ટી ટીમ અને ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિક અભ્યાસક્રમ ની ઉદ્યોગજગત સાથે સુસંગતતા એ સંસ્થાના વિદ્યાર્થીઓને વિશ્વભરના મોટા કોર્પોરેટ નોકરી મેળવવાની તક આપી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય પ્રેસીડેન્ટ વલ્લ ભભાઈ પટેલે સંસ્થાના આ પ્રયાસોને બિરદાવ્યા હતા અને ઉતરોતર એમાં પ્રગતિ થાય તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# પ્રાણીઓને ગરમીથી બચાવવા ગીર ફાઉન્ડેશન ખાતે વિશેષ વ્યવસ્થા

## પ્રાણીઓ ડી હાઈડ્રેશન શિકાર ન બને તે માટે પ્રાણીઓ માટે અલાયદી વ્યવસ્થા : ઠંડક માટે પાણીનો છંટકાવ, પાણીના કુંડની વ્યવસ્થા કરાઈ



ગાંધીનગર, તા.૨૦

હાલ ઉનાળાની ઋતુ ચાલી રહી છે અને કાળઝાળ ગરમીનો સામનો લોકો કરી રહ્યા છે સમધોખતા તાપમાં બહાર નીકળવું મુશ્કેલ છે ત્યારે આવા સમયે અબોલ પશુ પક્ષીઓ કેવી રીતે સમય પસાર કરતા હશે એ વાત વિચારવા જેવી છે ત્યારે ઈન્દ્રોડા નેચરલ પાર્ક ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને ગરમીથી રાહત મળે તે માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

અસહ્ય ગરમીમાં લોકોની સાથે પ્રાણીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠે છે. ગાંધીનગર માં પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને ગરમીથી રાહત મળે તે માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુનું તાપમાન પોહચતા ગીર ફાઉન્ડેશન ખાતે પ્રાણી સંગ્રહાલયમાં પશુ પક્ષીઓને ગરમીમાં રાહત મળી રહે તે માટે પાણીનાં ફુવારા મુકવામાં આવ્યા છે અને પાણીનાં કુંડ બનાવી પ્રાણીઓ ગરમીમાં રાહત આપવામાં આવી રહી છે.

પ્રાણીઓ ડી હાઈડ્રેશન શિકાર ન બને તે માટે પ્રાણીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમીની ઋતુ માં પ્રાણીઓ પણ હેરાન પરેશાન થઈ જતા હોય છે જેને લઈને ડી હાઈડ્રેશનનો શિકાર બને છે ત્યારે ઝુ સંચાલક દ્વારા દર વર્ષે પ્રાણીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે.

પ્રાણીઓ અને પક્ષીઓ માટે ખાસ ફુવારા મુકવામાં આવ્યા છે જેનાથી પ્રાણીઓ ઠંડક મેળવી શકે અને પક્ષીઓના પાંજરામાં પણ ફુવારા મુકવામાં આવ્યા છે સાથે વાઘ જેવા હિંસક પ્રાણીઓને નવડાવવામાં આવે છે.ગરમીમાં પ્રાણીઓ ઠંડક હોય ત્યાં બેસવાનું પસંદ કરે છે આથી કૃત્રિમ છાંયડો પણ કરાયો છે. જેથી કાળઝાળ ગરમીથી રાહત મેળવી શકે.

આ સમયે પ્રાણીઓનાં ખોરાકમાં પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે પ્રાણીઓને ડી હાઈડ્રેશન ન થાય તે માટે ટેબ્લેટ અને અન્ય દવાઓ પણ આપવામાં આવે છે જેનાથી પ્રાણીઓને ગરમીમાં રક્ષણ મળી શકે જોકે દર વર્ષે આ વ્યસ્થાઓ ઉભી કરવામાં આવે છે.

પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલ પ્રાણીઓ અને પક્ષીઓને ઠંડક મળી રહે તે માટેની સતત કાળજી લેવામાં આવી રહી છે.પાણી નો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે દર વર્ષે ઉનાળામાં પ્રાણીઓને ગરમીથી બચાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. છેલ્લા એક સપ્તાહથી ૪૦ ડિગ્રી ઉપર ગરમીનો પારો છે. સતત વધી રહેલી ગરમીમાં પ્રાણી-પક્ષીઓની હાલત કફોડી બની ગઈ છે. આગામી દિવસોમાં ગરમીનો કહેર વધે તેવી શક્યતાઓ છે. તેથી પ્રાણી-પક્ષીઓને ગરમીથી રક્ષણ આપાઈ રહ્યુ છે.

# ગૃહિણીઓને કઠી રહેલી વેસ્ટ કલેકશનની અનિયમિતતા અને પાણીના ફોર્સની સમસ્યા

## વારંવાર ઉભરાવા લાગતી ડસ્ટબીનો અને પાણીની સમસ્યાઓ અંગે બળાપાં કાઢતી વ્યથિત ગૃહિણીઓ

ગાંધીનગર, તા.૨૦

છેલ્લાં કેટલાંક દિવસથી ગાંધીનગરમાં ગૃહિણીઓ પરેશાન હોવાનું અનુભવાઈ રહ્યું છે. શહેરમાં સેકટર્સમાં પાણીના ફોર્સની બુમો ઉઠવા પામી છે અને તે સાથે સાથે શહેરના અનેક વિસ્તારોમાં ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શનમાં અનિયમિતતા પણ વર્તાઈ રહી છે. આ સમસ્યાઓને પગલે શહેરનો ગૃહિણી વર્ગ નારાજ છે જ્યારે નોકરિયાત કે વ્યવસાયિક મહિલાઓ પણ આ સમસ્યાઓને પગલે તેમના ઘરેલું કામકાજને સમયસર પુરું કરવામાં મુશ્કેલી અનુભવી રહી છે જેની અસર તેમના નોકરી-વ્યવસાયના સમયપાલન પર પડી રહી છે. વળી, શહેરના દુકાનધારકો અને ખાનગી કચેરીઓ પણ વેસ્ટ કલેકશનમાં અનિયમિતતાથી પરેશાની ભોગવી રહ્યાં છે.

શહેરમાં એક તરફ ઉનાળો તેનું આકરું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે અને નાગરિકોને ૨૪ કલાક પાણી મળી રહે તે માટે તંત્ર કમર કસી રહ્યું છે ત્યારે બીજી તરફ શહેરમાં પાણીના ફોર્સની સમસ્યાએ માથું ઉંચક્યું છે. આ કારણે ખાસ કરીને ગૃહિણી વર્ગ વિવિધ પરેશાનીનો સામનો કરી રહ્યો છે. શહેરના કેટલાંક નવા-જુના સેકટરો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ પાણીના ફોર્સની સમસ્યાં સતાવી રહી છે. આ સાથે શહેરી વિસ્તારમાં ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનમાં અનિયમિતતાને કારણે નાગરિકોના ઘરોમાં કે સોસાયટીઓના ગાર્બેઝમાં ભરાવો થઈ રહ્યો છે, તે જ રીતે શહેરની દુકાનો કે ખાનગી ઓફિસોમાં પણ ગાર્બેઝના નિકાલના પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. શહેરમાં સોશિયલ મિડીયા પર વિવિધ સોસાયટી ગૃપમાં મહિલાઓ દ્વારા વારંવાર ઉભરાઈ જતી ડસ્ટબીનો અને પાણીની સમસ્યાઓ અંગે બળાપાં કાઢતી પોસ્ટ પણ જોવા મળી હતી. પાટનગર ગાંધીનગર નીતનવી ટેકનોલોજીના સહારે સ્માર્ટ સિટી બનવા તરફ ડગ માંડી રહ્યું છે ત્યારે રોજબરોજની પાયાની સુવિધાઓ અને સેવાઓમાં નિયમિતતા અંગે બેકાળજી શહેરીજનોમાં છુપો રોષ જન્માવી રહી છે.

# બાળકો માટે સ્પેશિયલ ફ્રી સમર યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતેની પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત સહયોગથી બાળકો માટે એકાગ્રતા તથા યાદશક્તિ વધારી ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવા ઉપરાંત રોગ પ્રતિકારક શક્તિ અને શારીરિક તેમજ માનસિક ક્ષમતા વધારી મજબૂત બાળ વર્ગ તૈયાર કરવા સ્પેશિયલ ફ્રી સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોગ શિબિર સેક્ટર-૩માં ગાર્ડન ખાતે તારીખઃ ૧લી મેથી તા.૩૧મી મે સુધી દરરોજ સવારે સવારે ૭.૩૦થી ૮.૧૫ દરમ્યાન યોજાશે.

યોગ શિબિર માટે નામ નોંધાવવા કોન્ટેક નંબર ૯૮૨૪૦૮૬૩૫૨ ડાયલ કરવા આયોજક દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧



ગાંધીનગર પ્રાકૃતિક રીતે વસેલું શહેર નથી પરંતુ અહીં ચોતરફ પ્રકૃતિનો પમરાટ પ્રસરેલો જોવા મળે છે. ગાંધીનગરમાં પ્રકૃતિ નીતનવા રંગ પ્રદર્શિત કરે છે અને માત્ર ઋતુ અનુસાર જ નહીં પરંતુ દિવસોદિવસ અહીં પ્રકૃતિ તેના સૌંદર્યનો કુતુહલપ્રેરક ભંડાર વિખેરતી રહે છે. શિયાળો, ઉનાળો કે ચોમાસું હોય અથવા તેમાં પણ પળે પળે પરિવર્તન પામતી ઋતું હોય તે દરેક સમયે પાટનગરની પ્રકૃતિ નવા જ સ્વરૂપે નીખરી ઉઠે છે. ઉનાળાની ગરમી સાથે શહેરમાં ગરમાળાની શોભા તો ખૂબ પ્રચલિત છે પરંતુ આજકાલ ગાંધીનગરમાં બોગન વેલની બહાર આવી છે. કોઈપણ રોડ, શેરીમાં બોગનવેલના વિવિધરંગી ફૂલો ઝૂમતાં નજરે ચઢે છે. અનેકવિધ રંગોમાં ખીલેલી બોગનવેલ શહેરીજનોને પ્રકૃતિના પરમ વૈવિધ્યનો સાક્ષાત્કાર કરાવી રહી છે.